# નિયંત્રિત જણસીઓની ઠંડી ઘરાકી પાછળ બજારો નરમ

# ઉનાળુ તલની આવક ઘટી, ઘરાકીના અભાવે ભાવ ઢીલા

**કોમોડિટી બ્યૂરો**
ઊંઝા , તા.૧૪

ઉંઝા માર્કેટયાર્ડમાં વિતેલા સપ્તાહમાં નિયંત્રિત જણસીઓની ઓછી આવક અને ઠંડી ઘરાકીના કારણે ભાવોમાં નરમાઈ રહી હતી. રાજસ્થાન અને ગુજરાતના સૌરાષ્ટ્રમાંથી મસાલાની ચીજ જીરૂની આવક ઘટીને પાંચથી સાત હજાર ગુણી જેટલી થઈ હતી. દેશાવરોની ઘરાકી મંદ હતી જેથી વાયદા આધારે ૫૦ રૂપિયાની સાધારણ વધઘટે ઘટયા મથાળે ભાવ જળવાયેલા હતા. જાણકારોના મતે મેઘરામના આગમનથી ખેડુત વર્ગ ખરીફ પાકોના વાવેતરો તરફ વળ્યા છે. એટલે સ્થાનિક યાર્ડમાં જીરા સહિત રોકડીયા પાકોની આવકો કપાઈ છે. ચાલુ વર્ષ જીરા વરિયાળી અને ઈસબગુલનું મોટું ઉત્પાદન થયેલ છે. જેથી ખેતીનું કામ પુર્ણ થયા બાદ આવકો વધવાની શકયતા છે. હાલ મોટાભાગની નિયંત્રિત જણસીઓની ધરાકીમાં દમ નથી જેના કારણે ભાવોમાં એકંદરે નરમાઈ જોવા મળે છે.

પડોશી દેશ ચીનમાં જીરાનો નવો માલ બજારોમાં આવવા માંડયો છે. ત્યાંના ભાવ આધારે ભારતીય જીરાની નિકાસ થવા સંભવ છે. પરદેશની માંગ ઓછી રહેશે તો ભાવ ઘટશે તેમ જણાય છે.

અત્યારે દેશાવરોની ધરાકી મંદ છે. નવી ધરાકી શ્રાવણ ભાદરવા માસમાં નિકળવાની ધારણા છે. જો કે છેલ્લા બે ત્રણ વર્ષથી દિવાળી પુર્વની ધરાકી સાવ ઓછી જાકળી હતી. આ વર્ષ રોકડીયા પાકોનું ઉત્પાદન વધ્યું છે. ત્યારે દિવાળી પુર્વ દેશાવરોની માંગ જાકળે છે. કે કેમ તે જોવુ રહયું

મસાલની ચીજ વરિયાળીની ધરાકી સાવ ધીમી પડી ગઈ છે. અત્યારે લોકલ ધરાકી નથી તેમજ પરદેશની નવી કોઈ ડીમાન્ડ નથી જેથી ભાવ એકંદરે નરમ છે. બજારમાં બહારથી ખેડૂત માલની આવક કમાઈ છે.

આ વર્ષ પાકના મોટા ઉત્પાદને કારણે ભાવમાં વધારો થવાની શકયતા નથી આ વર્ષ ભાવ નીચા છે. તની છતા સીઝનથી અત્યારે સુધીમાં પરદેશની માંગ ઓછી રહી છે.

વરિયાળી ના હલકા માલોની માપની લેવાલી છે. જે મોટાભાગે જીરામાં મિકસિંગ થતા હોવાનું ચર્ચાય છે. છેલ્લા ઘણા વખતથી આ વિસ્તારમાં મસાલા સહિતની ચીજોમાં ભેળસેળ કરવાનો ધીકતો ધંધો ચાલી રહયો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સારા અવાર નવાર દશેડા પાડવામાં આવે છે.

છતાં કોણ જાણકે ની આ ધંધામાં ઓટ આવતી નથી મસાલાની ચીજોમાં ભેળસેળ કરનારા તત્વો ખાધ ચીજોમાં

**➤ ઊંઝા બજાર ✍ મહેશ બારોટ**

અપાય ચીજવસ્તું ઓ ભેળવી ને આમ જમનાના આરોગ્ય સાથે ગંભીર પ્રકારના ચેડાં કરી રહયા હોવાનું કહેવાય છે. ત્યારે સરકાર આવા તત્વો વિરૂધ્ધ કડક પગલાં ભરવા જરૂરી મનાય છે.

ઔષધિય પાક ઈસબગુલની દેશાવ્રોની માપની ધરાકી જળવાયેલી હતી. પરંતુ પાકના ઉંચા ઉત્પાદનથી રોજિંદા ચારથી પાંચ હજાર ગુણી કમાલની આવક સતત ચાલુ રહેતા ભાવ ઘસાતા જાય છે.

છેલ્લા એક માસમાં ૩૦૦ રૂપિયા થી વધુનો ઘટાડો થયો છે. આગળ ઉત્તર પરદેશની વધુ માંગ નીકળશે તો ભાવમાં થોડો સુધારો થવાની ધારણા છે. અન્યથા સાંકળી વધઘટે ભાવ જળવાયેલા રહેવાની શકયતા છે. આગામી માર્ચ સુધી બજારમાં માલની ખેંચ ઉભી થાય તેની નથી આ જોતા ભાવમાં તેજી થવાનું ધ્યાન નથી મસાલા ની ચીજ અજમોની ધરાકી ઓસરી જતા ભાવમાં તેજી વધુ નરમ થયા છે. હવે નવા માલની આવક સાવ કમાઈ ગઈ છે. હાલ લોકલ પરચુરણ માલની આવક થાય છે. પરદેશમાં નિકાસને લગતા કામકાજ નથી એટલે ભાવ સુસ્ત છે.

જ્યારે ઉનાળુ તલની આવક પણ ઓછી થઈ છે. ધરાકી ખપજોગી હોઈ ઘટ્યા મથાળે સાધારણ વધઘટે ભાવમાં ખીલાસ છે. સુવાની આવક છુટી છવાઈ છે. ધરાકી મંદ છે. જેથી ઘટયા મથાળે ભાવ ટકેલો છે. વિતેલા સપ્તાહ દરમિયાન સ્થાનિક યાર્ડમાં જુદા જુદા માલનની અંદાજીત આવકો અને તેના ૨૦ કિલોના ભાવ આ મુજબ રહયા હતા.

**જીરૂં :-** રાજસ્થાન અને સૌરાષ્ટ્રમાંથી દૈનિક ૪,૦૦૦ ગુણી જેટલી આવક થઈ હતી. વેપાર પાંખા હતા હળવદ કર્વાલિટીના ભાવ રૂા. ૧,૧૦૦ થી ૧,૪૦૦ સાબરકાંઠાના હલકા માલના ૧,૧૦૦ થી ૧,૩૦૦ અને બેસ્ટકલર માલના રૂા. ૧,૫૦૦ થી ૧૮૫૦ સુધી હતા જ્યારે આબુરોડ ના બેસ્ટગ્રીન માલના રૂા. ૪,૦૦૦ થી ૫,૦૦૦ રહયા હતા. ઠંડી ધરાકી ના કારણે ભાવ નરમ હતા.

**ઈસબગુલ:-** રાજસ્થાનમાંથી રોજિંદા ૪,૦૦૦ થી ૫,૦૦૦ ગુણી ની આવક હતી. આવક જેટલા વેપાર થયા હતા. જનરલ ભાવ રૂા. ૨,૩૦૦ થી ૨,૮૦૦ સુધીના હતા.

ફોરેન દડાના ૨,૩૫૦ થી ૨,૪૫૦ અને પેકેટમાલના રૂા. ૨,૭૦૦ થી ૨,૮૦૦ હતા. ધરાકી માપની હતી. પાકના વધુ ઉત્પાદનને કારણે ભાવનું વલણા ઘટાડા તરફી રહયું હતું.

**અજમો:-** ઊંઝાં વિસ્તારમાંથી ૨૦૦ થી ૩૦૦ બોરીની પરચુરણ આવક હતી. વેપાર સાવ ઓછા થયા હતા. હલકા માલના રૂા. ૧૬૦૦ થી ૧,૭૦૦ મીડીયમ માલના ૧,૮૦૦ થી ૨૦૦૦ અને સારા માલના ૨,૩૦૦ થી ૨,૭૦૦ સુધી હતા. ઠંડી ધરાકી એ ભાવ નરમ હતા.

**તલ :-** રાજસ્થાન અને સૌરાષ્ટ્ર માંથી ૧,૦૦૦ ગુણી જેટલી ઉનાળુ તલની આવક હતી. ધોવાબરના રૂા. ૨,૩૫૦ થી ૨,૪૦૦ અને કરીયાણા બરના ૨,૬૦૦ થી ૨,૭૦૦ હતા. ઓછી ધરાકી ના લીધે ઘટયા ભાવમાં થોડી નરમાઈ હતી.

# ફુગાવાને હંફાવીને વધુ સારું વળતર મેળવો

**સૌરવ બાસુ**

આજના દિવસોમાં બજારમાં ફુગાવો એવો બોલર છે જે સતત તમારી બચતનું ધોવાણ કરી રહ્યો છે અને તમને નાણાંકીય લક્ષ્ય સુધી પહોંચવા માટે મોટા સ્કોરની જરૂર છે. તંદુરસ્ત રન રેટ (વાર્ષિક વળતર) જાળવવા અને તમારા નાણાંકીય ભવિષ્યને સુરક્ષિત રાખવા રોકાણની વ્યૂહરચનાનો ઉપયોગ કરીને એક અનુભવી ક્રિકેટરની જેમ બજારમાં નેવિગેટ કરવું એ સંપત્તિ સર્જન માટેનું મુખ્ય પાસું છે.

**અફરાતફરીના બજારમાં રન આઉટ થતા નહિં –**

ધારણા કરો કે તમે મુશ્કેલ પિચ પર એટલે બજારમાં બેટિંગ કરી રહ્યા છો. ત્યારે તમારા બેટિંગ સંભાળીને (વ્યૂહાત્મક રોકાણ) અને સ્કોરબોર્ડ (તમારો નાણાંકીય લક્ષ્ય) પ્રમાણે કરવી પડશે. બોલર એટલે ફુગાવો તમારા રનના મૂલ્યને સતત ઓછું કરે છે. તમારી બચતનું ધોવાણ કરે છે.

**એવામાં તમે આઉટ થયા વગર તંદુરસ્ત રન રેટ એટલે વાર્ષિક વળતર કેવી રીતે મેઈનટેન કરશો ?**

તમારે ફક્ત ક્રિઝમાં રહેવા માટે નહિં, પરંતુ ફુગાવાને આઉટસ્કોર કરવા અને ટ્રોફી (નાણાંકીય સુરક્ષા) ઘરે લાવવા માટે તમારા રોકાણની જરૂર છે.

ફુગાવો : તમને બોલરની ગુગલી સમજવાની રહેશે

થોડો ફુગાવો ઠીક છે, અર્થતંત્રને ધબકતું રાખે છે, પરંતુ જ્યારે તે નિડર થઈ જાય છે. ત્યારે તમારો રન રેટ ઓછો થાય છે એટલે ખરીદી ઓછી થાય છે. ત્યાં રોકાણ નિર્ણાયક બની જાય છે.

**એલબીડબ્લ્યુ કોલથી બચો :**

બજાર અત્યારે સ્પિન બોલિંગ કરી રહ્યો છે, જે અનિશ્ચિત છે અને તમારી ટેકનિકનું પરીક્ષણ કરી રહ્યું




ચે. વ્યાજ દર અત્યારે ટોચ પર છે, જે નિશ્ચિત થાપણો માટે સારું છે, પરંતુ શેરબજારમાં વળતરને ઘટાડી શકે છે.

ભૌગોલિક તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારમે તેમાં સ્વિંગ બોલિંગનો ઉમેરો થશે. તેથી આ સમસ્યાનો તમે કેવી રીતે સામનો કરશો અને મહત્તમ વળતર મળી શકશો ? તે નીચે પ્રમાણે છે :

**તમારા બેટિંગ ઓર્ડરમાં વૈવિધ્યકરણ લાવો :** સ્ટોક બોન્ડ, રિયલ એસ્ટેટ, કોમોડિટીઝ જેવા વૈકલ્પિક રોકાણો જેવા વિવિધ એસેટ ક્લાસમાં રોકાણ કરો. આ રીતે જો એક એસેલ ક્લાસ બોલ આઉટ થઈ જાય તો અન્ય તમારા સ્કોરબોર્ડને ધક્કો મારી શકે છે.

**બેલેન્સ્ડ સ્કોર કાર્ડ જાળવી રાખો :** તમારા પોર્ટફોલિયોને નિયમિતપણે પુનઃસંતુલિત કરવાથી તમારા રોકાણ માટે ઈચ્છિત જોખમ પ્રોફાઈલ અને રન રેટ જાળવી રાખો છો તેની ખાતરી કરે છે.

જ્યારે બજારમાં બાઉન્સર્સ આવતા હોય ત્યારે તમે સંભાળીને ધારણા પ્રમાણે ધીમી ધીમે રન કરવાના હોય છે એટલે તમે બોન્ડસ જેવા નિશ્ચિત આવકના વિકલ્પની પસંદગી કરી શકો છો.

**તમારો શ્રેષ્ઠ રન રેટ શોધો –** તમારા રોકાણ માટેનો આદર્શ રન રેટ તમારી વ્યક્તિગત ઈનિંગ્સ પર આધાર રાખે છે તમારી જોખમ સહનશીલતા એટલે તમે કેટલું જોખમ લઈ શકો છો અને તમે કેટલી ઓવર રમવાની બાકી એટલે રોકાણની ક્ષિતિજ કેટલી છે અને તમે શેના માટે બચત કરી રહ્યા છો એટલે નિવૃત્તિનો લક્ષ્યાંક સ્કોર નક્કી કરો.

જ્યારે નિવૃત્તિની નજીક કોઈ વ્યક્તિ તેમની વિકેટની સુરક્ષાને પ્રાથમિકતા આપવા માગે છે.

નાણાંકીય નિષ્ણાત તમારી વ્યક્તિગત રોકાણની ઈનિંગ્સને ચાર્ટ કરવામાં અને તમારા નાણાંકીય લક્ષ્યોને સરળતાથી પહોંચવામાં તમારી મદદ કરી શકે છે.


**શિવાલિક સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ**
**રજીસ્ટર્ડ ઓફીસ : ૫૦૧, સાલકોન ઔરમ, જાસોલા ડિસ્ટ્રીક્ટ સેન્ટર, નવી દિલ્હી–૧૧૦૦૨૫,**
**CIN : U65900DL2020PLC366027**

**હરાજીની નોટીસ**

શિવાલિક સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડના નીચેના દેવાદારોને આથી જાણ કરવામાં આવે છે કે બેંકમાંથી તેણમે લીધેલ ગોલ્ડ લોન/નો બેંક દ્વારા જારી કરાયેલ વિવિધ માંગણાઓ અને નોટીસો તેમજ વ્યક્તિગત નોટીસો છતાં તેમના દ્વારા પતાવટ કરાઇ નથી. આથી તમામ દેવાદારોને જાણ કરવામાં આવે છે કે બેંકમાં સિક્યોરીટી તરીકે રખાયેલ સોનાના ઘરેણાંની હરાજી કરવાનો બેંકે નિર્ણય લીધો છે અને તદ્દઅનુસાર **૨૯.૦૭.૨૦૨૪** હરાજી તારીખ તરીકે નિયત કરાયેલ છે જે જ્યાં થી લોન લેવાયેલ છે તે શાખા પ્રિમાઇસીસ પર **બપોરે ૦૩:૦૦** વાગ્યે યોજાશે. દેવાદારો, એકાઉન્ટ હોલ્ડરો તેમજ જાહેર જનતા હરાજીની શરતો અને નિયમો મુજબ હરાજીમાં ભાગ લઈ શકે છે.

| શાખા | એકાઉન્ટ નંબર | ખાતેદારનું નામ | પિતા / પત્નીનું નામ | સરનામું | ખાતું ખોલવાની તારીખ | જરૂરી રકમ |
|---|---|---|---|---|---|---|
| સુરત | 103842510010 | શિવ વિર સિંઘ | ઇન્દ્રજીત સિંઘના પુત્ર | ૩૫, પાલ અડાજણ, નિશાલ આર્કેડ, ગ્રીન સિટી રોડ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૯ | 13/12/2023 | 67433.96 |
| સુરત | 103042513859 | મારુ બી કાળુભાઇ | કાળુભાઇના પુત્ર | ફ્લેટ નં. ૨૦૪, બિલ્ડીંગ એ ૨,ઓપેરા ક્રિસ્ટલ પેટ્રોલ પંપ પાસે, કોસાડ વરિયાવ રોડ, વરિયાવ રોડ, વરિયાવ સુરત, ગુજરાત–૩૯૪૫૨૦ | 26/10/2023 | 144894.91 |
| સુરત | 103042512933 | બોદરા જે પદમસિંહભાઇ | પદમસિંહભાઇના પુત્ર | ગઢપુર ટાઉનશિપ, પાસોદ્રા કામરેજ, પાસોદ્રા સુરત, ગુજરાત–૩૯૫૦૦૮ | 15/07/2023 | 44820.74 |
| સુરત | 103042512576 | પટેલ બી. મહેશભાઇ | મહેશભાઇના પુત્ર | ૧ મોહનની ચાલ, માતાવાડી પોલીસ સ્ટેશન પાસે, વરાછા સિટી, સુરત, ગુજરાત–૩૯૫૦૦૬ | 15/06/2023 | 40034.15 |
| સુરત | 103842510146 | પટેલ બી. મહેશભાઇ | મહેશભાઇના પુત્ર | ૧ મોહનની ચાલ, માતાવાડી પોલીસ સ્ટેશન પાસે, વરાછા સિટી, સુરત, ગુજરાત–૩૯૫૦૦૬ | 06/02/2024 | 54081.33 |

**હરાજીની તારીખ ૨૯.૦૭.૨૦૨૪ નાં રોજ બપોરે ૦૩:૦૦ કલાકે**

**બેંક કોઇપણ આગોતરી નોટીસ વગર હરાજીમાંથી કોઇપણ એકાઉન્ટ દુર કરવાનો અથવા હરાજી રદ કરવાનો અનામત હક ધરાવે છે.**

**અધિકૃત અધિકારી, શિવાલિક સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ**



GRIHUM HOUSING FINANCE
Apna Ghar. Apni Pehchan

**ગૃહમ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ**
**(અગાઉ પુનાવાલા હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી)**
**રજીસ્ટર્ડ ઓફીસ: ૬૦૨, છઠ્ઠો માળ, ઝીરો વન આઇટી પાર્ક, ક્રમ નં. ૭૯/૧, ઘોરપડી, મુંધાવા રોડ, પુણે–૪૧૧૦૩૬**

**સરફૈસી એક્ટની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસ**

તમો નીચે જણાવેલ દેવાદારો/સહ–દેવાદારો/જામીનદારોએ **ગૃહમ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ (અગાઉ પુનાવાલા હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી કારણકે પુનાવાલા હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ નામ ૧૭ નવેમ્બર, ૨૦૨૩ થી બદલીને ગૃહમ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ કરેલ છે (અગાઉ મગ્મા હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી અને ઓરીજનલી જીઈ મની હાઉસિંગ ફાયનાન્સ પબ્લીક અન લીમીટેડ કંપીના નામે સંસ્થાપીત)** અહી પછી સિક્યોર્ડ લેણદાર તરીકે જણાવેલ છે પાસેથી તમારી સ્થાવર મિલકતો ગીરો કરીને હોમ લોન/લોન્સ અગેનસ્ટ પ્રોપર્ટી સવલતો મેળવેલ છે. તમોએ પરત ચુકવણીમાં કસુર કર્યો છે અને પરિણામે તમારી લોન/નો નોન પરફોમિંગ એસેટો તરીકે વર્ગીકૃત કરાઈ હતી. સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ માંગણાં નોટીસો બાકી રકમની વસુલાત માટે છેલ્લાં જાણીતા સરનામાં પર મોકલાઈ હતી, પરંતુ તે બજવણી વગર પરત ફરી હતી. પરિણામે તેની વિગતો સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩(૧) સાથે વંચાતી એક્ટની કલમ ૧૩(૨) મુજબ અને તમોને વૈકલ્પીક બજવણીના માર્ગે અહીં પ્રસિદ્ધ કરાઇ રહી છે.

| ક્રમ નં. | દેવાદાર, સહ–દેવાદાર, જામીનદારનું નામ, લોનની રકમ | સિક્યોર્ડ મિલકતની વિગત | માંગણાં નોટીસની તારીખ | બાકી રકમ રૂા.માં |
|---|---|---|---|---|
| ૧ | **ધાનશ્રી જગદિશ સાવંત, જગદિશ ભીલા સાવંત લોન રકમ : રૂા. ૧૦૭૦૦૦૦/– લોન નં. : HM/0190/H/17/100444** | શોપ નં.૭, ક્ષેત્રફળ આશરે સુપર બિલ્ટ અપ એરિયા ૩૭૪ ચો. ફુટ અને બિલ્ટ અપ એરિયા ૨૪૯ ચો. ફુટ ૨૩.૧૪ ચો.મી., ગ્રાઉન્ડ ફ્લોર તેમ જમીનનો ન વહેંચાયેલ હિસ્સો, તેમજ જમીન, રામદેવ રેસિડેન્સી તરીકે જાણીતી સ્કીમ, ફોર્મિંગ ભાગ જમીનનો બ્લોક નં. ૨૯૪ પૈકી, મોજે–કારેલી, પલસાણા તાલુકો, રજીસ્ટ્રેશન જિલ્લો અને પેટા જિલ્લો–સુરત ખાતેની સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુઃસીમા : ઉત્તર : બિલ્ડીંગ સી, દક્ષિણ : ખુલ્લી જગ્યા, પુર્વ : શોપ નં. ૮, પશ્ચિમ : શોપ નં. ૬ | **૦૯/૦૭/૨૦૨૪** | **રૂા. ૯,૨૮,૦૨૧/–** (રૂપિયા નવ લાખ અઠ્યાવીસ હજાર એકવીસ પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૪.૫%** ના દરે ચડત વ્યાજ |
| ૨ | **મકવાણા દામજીભાઇ કાનાભાઇ મકવાણા કાળુબેન કાનજીભાઇ લોન રકમ : રૂા. ૭૫૦૦૦૦/– લોન નં. : HL/0105/H/19/100032** | ખુલ્લી જમીન ક્ષેત્રફળ ૫૪–૩૨ ચો.મી., સબ પ્લોટ નં. ૨૧૩ થી ૨૨૬ (પૈકી) ૭, કુંભારા રેવન્યુ સર્વે નં. ૨૦, તાલુકો–ચોટિલા, જિલ્લો–સુરેન્દ્રનગર, (શિવ શક્તિ સોસાયટી) ખાતેની મિલકતના તમામ ભાગ અને હિંસ્સા. ચતુઃસીમા : ઉત્તર : સબ પ્લોટ નં. ૨૧૩ થી ૨૨૬(પૈકી) ૨૦, દક્ષિણ : ૭–૫૦ મીટર રોડ, પુર્વ : સબ પેટ નં. ૨૧૩ થી ૨૨૬(પૈકી) ૮, પશ્ચિમ : સબ પ્લોટ નં. ૨૧૩ થી ૨૨૬ (પૈકી) ૬ | **૦૯/૦૭/૨૦૨૪** | **રૂા. ૭,૦૪,૮૭૫/–** (રૂપિયા સાત લાખ ચાર હજાર આઠસો પંચોતેર પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૫.૫%** ના દરે ચડત વ્યાજ |
| ૩ | **કપુરે જ્યોતિ અશ્વિન, કપુરે કરણ રાજેન્દ્ર, અશ્વિન રાજેન્દ્ર કપુરે લોન રકમ : રૂા. ૧૦૩૫૦૦૦/– લોન નં. : HM/0190/H/18/100330** | પ્લોટ નં. ૬૭, ક્ષેત્રફળ ૪૮ ચો. યાર્ડ આશરે ૪૦.૧૫ ચો.મી., 'રાજમંદિર વિલા', મુકામ–રેવન્યુ સર્વે નં. ૭/૧, ૬, ૭/૧૨, બ્લોક નં. ૧૨ (બ્લોક નં. ૧૨, ૧૩), ક્ષેત્રફળ હેક્ટર ૦–૭૬–૮૯ ચો.મી., મોજે–દાસ્તાન, તાલુકો–પલસાણા, જિલ્લો–સુરત ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુઃસીમા : પુર્વ : એન.એ. પશ્ચિમ : એન.એ. ઉત્તર : એન.એ, દક્ષિણ : એન.એ. | **૦૯/૦૭/૨૦૨૪** | **રૂા. ૧૧,૩૨,૭૧૦/–** (રૂપિયા અગીયાર લાખ બત્રીસ હજાર સાતસો દસ પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૫.૫%** ના દરે ચડત વ્યાજ |
| ૪ | **કુમાકિયા કિરણબેન એચ., કુમાકિયા હર્ષદભાઇ કે. લોન રકમ : રૂા. ૭૨૦૦૦૦/– લોન નં. : HM/0190/H/18/100576** | ફ્લેટ નં. ૩૦૩, ક્ષેત્રફળ ૩૨૬.૯૨ ચો. ફુટ આશરે ૩૦.૩૮ ચો.મી. બિલ્ટ અપ એરિયા તેમજ ગ્રાઉન્ડ જમીનનો ન વહેંચાયેલ પ્રપોશનેટ હિસ્સો, ત્રીજો માળ, અમર પેલેસ, ડેવલોપેડ એન.એ. જમીન, રાજ્ય–ગુજરાત, જિલ્લો–સુરત, પેટા જિલ્લો–કામરેજ, મોજે–ઉભેલ, રેવન્યુ સર્વે નં. ૪૪૨+૪૪૩, જુનો બ્લોક નં. ૫૬૯/૪, ૫૬૯/૫, ૫૬૯/૬, ૫૬૯/૭, ૫૬૯/૮, રેવન્યુ સર્વે મુજબ નવો બ્લોક નં. ૮૧૦, ૮૨૧, ૮૩૨, ૮૪૩, ૮૫૩, મુકામ–સાઇટ પેટા પ્લોટ નં. ૨, ક્ષેત્રફળ ૭૦૨.૦૫ ચો.મી., સાઇટ મુજબ અને ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ ૫૯૪.૮૫ ચો.મી. ખાતેની સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુઃસીમા : પુર્વ : ફ્લેટ નં. ૩૦૨, પશ્ચિમ : ફ્લેટ નં. ૩૦૪, ઉત્તર : પેસેજ અને દક્ષિણ : ખુલ્લું આકાશ | **૦૯/૦૭/૨૦૨૪** | **રૂા. ૭,૫૩,૨૨૪/–** (રૂપિયા સાત લાખ ત્રેપન હજાર બસ્સો ચોવીસ પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૪.૫%** ના દરે ચડત વ્યાજ |
| ૫ | **સંજય શિવાજીરાવ શુંભે, સુષ્મા સંજય શુંભે, છાયા શિવાજી શુંભે લોન રકમ : રૂા. ૫૦૦૦૦૦/– લોન નં. : HM/0222/H/16/100073** | મોજે–બાબજીપુરા, વડોદરા ખાતેની જમીન વિભાગ–બી, ટિક્કા નં. ૨૭/૧, સિટી સર્વે નં. ૧૪/એ–૧, વસંત વિહાર એસ્ટેટ બિલ્ડીંગ તરીકે જાણીતી, પૈકી ત્રીજો માળ, (બીજો માળ), બ્લોક નં. ૬, ક્ષેત્રફળ ૪૨.૫૪ ચો.મી., આશરે ૪૫૮.૦૦ ચો. ફુટ, મુકામ–રજીસ્ટ્રેશન જિલ્લો અને પેટા જિલ્લો–વડોદરા અને જિલ્લો–વડોદરા ખાતેની બિન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુઃસીમા : પુર્વ : બ્લોક નં. ૭, પશ્ચિમ : બ્લોક નં. ૬ નું ટેરેસ, ઉત્તર : ખુલ્લી જગ્યા પ્લોટ નં. ૩, દક્ષિણ : આરસીસી ગેલેરી | **૦૯/૦૭/૨૦૨૪** | **રૂા. ૪,૭૧,૭૮૫/–** (રૂપિયા ચાર લાખ ઈક્કોતેર હજાર સાતસો પંચ્યાસી પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૬.૩%** ના દરે ચડત વ્યાજ |
| ૬ | **બબલુ નિશાદ, પુનમ દેવી નિશાદ લોન રકમ : રૂા. ૧૧,૮૭,૦૦૦/– જેમાં લોન નં. : HL00232000000005000130 માં રૂા. ૭૩૦૦૦૦/– અને લોન નં. : LAP02320000000005000441 લોન રકમ : રૂા. ૪૫૭૦૦૦/– નો સમાવેશ થાય છે** | ફ્લેટ નં. ૨૦૨, ક્ષેત્રફળ ૧૦૨૧.૦૦ ચો. ફુટ, ઇ એરિયા, તેમજ જમીનનું ક્ષેત્રફળ આશરે ૧૦.૦૦ ચો.મી., બીજો માળ, નેહા કોમ્પલેક્ષ તરીકે જાણીતી બિલ્ડીંગ, બાંધકામ એન.એ. જમીનનો સર્વે નં. ૧૧+૨૬ પૈકી +૪૨/૧ પૈકી પ્લોટ, મુકામ–ચારવાડા, તાલુકો–વાપી, જિલ્લો–વલસાડ ખાતેની સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુઃસીમા : પુર્વ : ખુલ્લી જગ્યા, પશ્ચિમ : ફ્લેટ નં. ૨૦૧, ઉત્તર : ખુલ્લી જગ્યા, દક્ષિણ : ફ્લેટ નં. ૨૦૩, ક્ષેત્રફળ એરિયા ૯૪.૮૫ ચો.મી. | **૦૯/૦૭/૨૦૨૪** | લોન નં. HL00232000000005000130 **રૂા. ૭,૯૦,૦૪૧** (રૂપિયા સાત લાખ નેવું હજાર એકતાલીસ પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૪%** ના દરે ચડત વ્યાજ લોન નં. LAP02320000000005000441 **રૂા. ૫,૦૩,૩૧૯** (રૂપિયા પાંચ લાખ ત્રણ હજાર ત્રણસો ઓગણીસ પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૫.૫%** ના દરે ચડત વ્યાજ |
| ૭ | **રવિન્દ્ર બાલક્રિષ્ના બન્નાપુરે, બન્નાપુરે ભારતી રવિન્દ્રભાઇ લોન રકમ : રૂા. ૩૯૯૫૦૦૦/– લોન નં. : HL00589100000005021429** | ફ્લેટ નં.૭૦૨ ક્ષેત્રફળ ૯૧.૮૯ ચો.મી. (કાર્પેટ) અને ૧૧૦.૨૬૮ ચો.મી. (બિલ્ટ અપ) તેમજ ન વહેંચાયેલ હિસાસનું ક્ષેત્રફળ ૪૧.૨૧ ચો.મી., ગ્રાઉન્ડ જમીન, સાતમો માળ, પરિસર એપાર્ટમેન્ટ, મુકામ–વોર્ડ નં. ૭, નોંધ નં. ૪૨૦ પૈકી ઉત્તર બાજુ ક્ષેત્રફળ ૧૦૨૮.૩૭ ચો.મી. જમીન, મુકામ–લાલદરવાજા, સુમુલ ડેરી, પેટા જિલ્લો અને તાલુકો–સુરત, ગુજરાત ખાતેની સ્થાવર બિન–ખેતીલાયક રેસિડેન્સીયલ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. | **૦૯/૦૭/૨૦૨૪** | **રૂા. ૪૧,૪૫,૩૭૮/–** (રૂપિયા એકતાલીસ લાખ પીસ્તાલીસ હજાર ત્રણસો ઇઠ્યોતેર પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૨%** ના દરે ચડત વ્યાજ |
| ૮ | **મુખલાલ સહાણી, રજની દેવી લોન રકમ : રૂા. ૧૦૦૪૦૦૦/– લોન નં. : HL00589100000005005308** | મોજે–કાનાવ, જમીનનો રેવન્યુ સર્વે નં. ૭૯, બ્લોક નં. ૯૩, ક્ષેત્રફળ ૧૦૬૨૩.૦૦ ચો.મી., 'અષ્ટવિનાયક રેસિડેન્સી', પૈકી પ્લોટ નં. ૩૮, ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી. (કે.જે.પી પછીનો બ્લોક નં. ૯૩/૩૮ ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી.), રોડ અને સીઓપીનો ન વહેંચાયેલ જમીનનો હિસ્સાનું ક્ષેત્રફળ ૩૨.૬૩ ચો.મી., મુકામ–રજીસ્ટર્ડ જિલ્લો અને પેટા જિલ્લો–પલસાણા, મુકામ–જિલ્લો–સુરત ખાતેની બિન–ખેતીલાયક પ્લોટ અને જમીનનાં તમામ ભાગ અને હસ્સિા. ચતુઃસીમા : પુર્વ : પ્લોટ નં. ૨૫, પશ્ચિમ : સોસાયટીનો રોડ, ઉત્તર : પ્લોટ નં. ૩૯, દક્ષિણ : પ્લોટ નં. ૩૭ | **૦૯/૦૭/૨૦૨૪** | **રૂા. ૧૦,૪૨,૮૫૯/–** (રૂપિયા દસ લાખ બેત્તાલીસ હજાર આઠસો ઓગણસાહીઠ પુરા) તેમજ પરત ચુકવણી સુધી વાર્ષિક **૧૦.૬%** ના દરે ચડત વ્યાજ |

તમો દેવાદાર/રો અને સહ–દેવાદાર/રો અને જામીનદાર/રોને આથી આ નોટીસના ૬૦ દિવસની અંદર ઉપર જણાવેલ પુરેપુરી માંગણાની રકમ તેમજ ઉપર જણાવ્યા મજુબ ચડત વયજ પરત ચુકવવા જણાવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનારને ઉપર જણાવેલ સિક્યોરીટી/ઓ ટાંચમાં લેવા કાયદા હેઠળ કાર્યવાહી કરવાની ફરજ પડશે. તે દરમિયાન તમોને અમારી મંજુરી વગર વેચાણ, ભાડે અથવા અન્ય રીતે ઉપર જણાવેલ સિક્યોરીટી તબદીલ કરવાની મનાઇ ફરમાવામાં આવે છે.

**સ્થળ : ગુજરાત** — **સહી/– અધિકૃત અધિકારી**
**તારીખ : ૧૫–૦૭–૨૦૨૪** — **ગૃહમ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ (અગાઉ પુનાવાલા હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી)**



**એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ** શિડ્યુલ્ડ કોમર્સિયલ બેંક
**રજીસ્ટર્ડ ઓફીસ : ૧૯–એ, દુલેશ્વર ગાર્ડન, અજમેર રોડ, જયપુર–૩૦૨૦૦૧ (CIN : L36911RJ1996PLC011381)**

**પરિશિષ્ટ –૪ (જુઓ નિયમ ૮ (૧)) કબજા નોટીસ**

જત જણાવવાનું કે, સિક્યોરીટાઇઝેશન અને રીકનસ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ની ૫૪) હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેટ) નિયમો, ૨૦૦૨ નાં નિયમ (૩) સાથે વંચાતી કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ **એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ (શિડ્યુલ્ડ કોમર્સિયલ બેંક)** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નીચે કોષ્ટકમાં જણાવેલ વિગતો અનુસાર જણાવેલ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર જણાવેલ નોટીસમાં જણાવેલ રકમો ચુકવવા માટે નીચે જણાવેલ દેવાદોરોને માંગણાં નોટીસ જારી કરી હતી.

| દેવાદારો/સહ–દેવાદારો/ગીરવેદાર/ જામીનદારોનાં નામ/ લોન નંબર | ૧૩(૨) નોટીસની તારીખ અને રકમ | ગીરો મિલકતની વિગત | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|
| (લોન એકાઉન્ટ નં.) L9001060117682089 બાલેશ્વર પ્રસાદ શ્રીવાસ્તવ (દેવાદાર), નિધિ બાલેશ્વર પ્રસાદ શ્રીવાસ્તવ (સહ–દેવાદાર) | ૧૨–૧૦–૨૧ રૂા. ૩,૮૭,૧૩૫/– (રૂપિયા ત્રણ લાખ સીત્યાસી હજાર એકસો પાંત્રીસ પુરા) ૧૧–૧૦–૨૧ | મુકામ–ફ્લેટ નં. એમઆઇજી–૪૧૬, ૫૧૨, હાઉસિંગ બોર્ડ, કેએફટીઝેડ પાસે, સ્કીમ નં. ૧૬૦, ગાંધીધામ, જિલ્લો–કચ્છ (ગુજરાત) ખાતેની રેસીડન્સીયલ/કોર્મસીયલ મિલકત જમીન/બિલ્ડીંગ/ સ્ટ્રક્ચર અને ફીક્ચર્સ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ક્ષેત્રફળ ૫૦.૯૬ ચો. યાર્ડ,** પુર્વ : ફ્લેટ નં. એમ–૪૧૫, પશ્ચિમ : રોડ, ઉત્તર : સીડીઓ અને એમ–૪૧૩, દક્ષિણ : ફ્લેટ નં. એમ–૪૦૫ | ૧૧–૦૭–૨૪ |
| (લોન એકાઉન્ટ નં.) L9001060120574452 દિવ્યા ટેમ્પો સર્વિસ (દેવાદાર), પ્રતાપ લાલ (સહ–દેવાદાર), પ્રેમી બાઇ (સહ–દેવાદાર), રતન લાલ માળી (સહ–દેવાદાર), પ્રતાપભાઇ મોહનભાઇ માળી (જામીનદાર) | ૧૨–૦૭–૨૨ રૂા. ૮,૪૦,૩૪૨/– (રૂપિયા આઠ લાખ ચાલીસ હજાર ત્રણસો બેત્તાલીસ પુરા) ૧૨–૦૭–૨૨ | મુકામ–પટ્ટા નં. ૪૫, બુક નં. ૧૬૮, સંકલ્પ નં. ૭, માલિયોન કા વાસ, જીપી મદારિયા, તાલુકો–દિઓગ્રહ, જિલ્લો–રાજસમંદ, રાજસ્થાન ખાતેની રેસીડન્સીયલ/કોર્મસીયલ મિલકત જમીન/બિલ્ડીંગ/ સ્ટ્રક્ચર અને ફીક્ચર્સ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ક્ષેત્રફળ ૨૫૮૧.૭ ચો. ફુટ,** પુર્વ : કોમન રસ્તો, પશ્ચિમ : શ્રી બાલુ અને શ્રી પન્નાજી માળીની મિલકત, ઉત્તર : મદન અને મદનજી માળીની મિલકત, દક્ષિણ : હિરાજી માળી અને ભંવર જી માળીની મિલકત | ૧૧–૦૭–૨૪ |
| (લોન એકાઉન્ટ નં.) L9001070130297418 રાઠોડ પવન કુમાર (દેવાદાર), શ્રીમતી રાઠોડ ગીતાબેન પવનકુમાર (સહ–દેવાદાર) | ૧૨–૦૪–૨૪ રૂા. ૧૨,૪૧,૮૬૨/– (રૂપિયા બાર લાખ એકતાલીસ હજાર આઠસો બાસઠ પુરા) ૧૨–૦૪–૨૪ | મુકામ–સર્વે નં. ૩૩૦/એ/૧/૧/૧, ટીપી સ્કીમ નં. ૨, સિટી સર્વે નં. ૫૫૦, શિટ ન. ૧૬, ફ્લેટ નં. બી–૪૦૭, ફ્લોર નં. ૦૩, બ્લોક નં. બી, શ્યામ સુંદર રેસિડેન્સી, ગામ–નાંદેજ, તાલુકો–દસ્ક્રોઇ, જિલલો–અમદાવાદ, ગુજરાત ખાતેની રેસીડન્સીયલ/કોર્મસીયલ મિલકત જમીન/બિલ્ડીંગ/ સ્ટ્રક્ચર અને ફીક્ચર્સ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ક્ષેત્રફળ પ્લોટ એરિયા ૨૨ ચો.મી. + બાંધકામ એરિયા ૭૧ ચો.મી.,** પુર્વ : ફ્લેટ નં. બી–૪૦૬, પશ્ચિમ : સીડીઓ, ઉત્તર : બ્લોક એ પછીનું માર્જીન, દક્ષિણ : ફ્લેટ નં. બી–૪૦૪ પછીનો પેસેજ | ૧૧–૦૭–૨૪ |
| (લોન એકાઉન્ટ નં.) L9001070119108752 જસવંતસિંઘ વખતસિંઘ ચૌહાણ (દેવાદાર), જીજ્ઞેશ જસવંતસિંઘ ચૌહાણ (સહ–દેવાદાર), શ્રીમતી હિરાબેન જસવંતસિંઘ ચૌહાણ (સહ–દેવાદાર) | ૧૨–૦૪–૨૪ રૂા. ૨,૬૭,૧૨૦/– (રૂપિયા બે લાખ સડ્સઠ હજાર એકસો વીસ પુરા) ૧૨–૦૪–૨૪ | મુકામ–નગરપાલિકા ફ્લેટ નં. ૩૦૬, ત્રીજો માળ, નીલા એપાર્ટમેન્ટ, સુરત ગાયત્રી સંકુલ સોસાયટી, ગુજરાત ખાતેની રેસીડન્સીયલ/કોર્મસીયલ મિલકત જમીન/બિલ્ડીંગ/ સ્ટ્રક્ચર અને ફીક્ચર્સ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ક્ષેત્રફળ ૨૦૬ ચો. ફુટ** | ૧૧–૦૭–૨૪ |
| (લોન એકાઉન્ટ નં.) L9001060121468428 વાઘેલા રવિન્દ્રસિંહ (દેવાદાર), શ્રીમતી દક્ષાબેન રવિન્દ્રસિંહ વાઘેલા (સહ–દેવાદાર), સંદિપસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા (સહ–દેવાદાર) | ૨૯–૦૩–૨૪ રૂા. ૧,૮૩,૮૭૧/– (રૂપિયા એક લાખ ત્યાસી હજાર આઠસો ઈક્કોતેર પુરા) ૨૮–૦૩–૨૪ | **(મિલકત–૧)** મુકામ–મિલકત નં. ૬૮૮/એ, તાલુકો–બાવળા, જિલ્લો–અમદાવાદ, ગુજરાત **ક્ષેત્રફળ ૬૬.૬૬ ચો. યાર્ડ, (મિલકત–૨)** મુકામ–મિલકત નં. ૬૮૮/બી, તાલુકો–બાવળા, જિલ્લો–અમદાવાદ, ગુજરાત ખાતેની રેસીડન્સીયલ/કોર્મસીયલ મિલકત જમીન/બિલ્ડીંગ/ સ્ટ્રક્ચર અને ફીક્ચર્સ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ક્ષેત્રફળ ૬૬.૬૬ ચો. યાર્ડ** | ૧૧–૦૭–૨૪ |
| (લોન એકાઉન્ટ નં.) L9001060126894361 ચાવડા ચંદ્રિકાબેન (દેવાદાર), ચાવડા ગુણવંતભાઇ (સહ–દેવાદાર) | ૧૨–૦૪–૨૪ રૂા. ૧૦,૫૩,૫૭૯/– (રૂપિયા દસ લાખ ત્રેપન હજાર પાંચસો ઓગણ્યએંસી પુરા) ૧૨–૦૪–૨૪ | મુકામ–સર્વે નં. ૭૭૫/૧/૧ ૭૭૫/૧/૨, પ્લોટ નં. ૬, બાવળા, ટીપી ૨, એફપી ૪૬, જિલ્લો–અમદાવાદ, ગુજરાત ખાતેની રેસીડન્સીયલ/કોર્મસીયલ મિલકત જમીન/બિલ્ડીંગ/ સ્ટ્રક્ચર અને ફીક્ચર્સ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ક્ષેત્રફળ ૮૩.૬૧ ચો.મી.** | ૧૧–૦૭–૨૪ |

દેવાદારો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, પરિણામે દેવાદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત કોષ્ટકમાં જણાવેલ તારીખોનાં રોજ જણાવેલ નિયમ ૮ ના જણાવેલ (કાયદા ૨૦૦૨) ની કલમ ૧૩(૪) સાથે વાંચન હેઠળ તે/તેણીને મળેલી સત્તાની રૂએ ઉપરોક્ત કોષ્ટકમાં જણાવેલ મિલકતનો કબજો લઇ લીધો છે.

"સિક્યોર્ડ એસેટને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય અંગે કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે."

ખાસ કરીને દેવાદારો અને જાહેર જનતાને અહીં મિલકત સાથે કોઇ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનાં કોઇપણ સોદા **એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ (શિડ્યુલ્ડ કોમર્સિયલ બેંક)** નાં ઉપરનાં કોષ્ટકમાં જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના ચાર્જને આધિન રહેશે.

**તારીખ : ૧૨/૦૭/૨૦૨૪** — **સ્થળ : અમદાવાદ** — **સહી/– અધિકૃત અધિકારી એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ**